# અહા, કેટલી સુંદર!

સારી ટેવ નથી, પણ હતી. અરીસો ટુવાલથી ઢાંકી દેવો, પાંચસો વાર જો જો કર્યું હોય, પછી પાંચસો ને એકમી વાર જોવાનું મન થાય તો તેને અટકાવવાનો આ એકમાત્ર ઉપાય.

એ જ વખતે ડોરબેલ વાગી. એ દિવસોમાં ટેલિફોન શ્રીમંતોને ઘેર જ હતા. મારે ત્યાં એક કનેક્શન વગરનું ડબલું રાખેલું. તેની પર નૅપ્કિન ઢાંકી દેતો. એક-બે વાર નવાસવા આવેલા પડોશી પૂછવા પણ આવ્યા હતા : ‘જરા એક ફોન...’

‘કનેકશન નથી.’ હું હસીને કહેતો : ‘માત્ર દેખાવનું છે. હ... હ... હાં...’ હું હસતો. એ ઓઝપાતાં ‘સૉરી’ કહીને ઉંબરો છાંડી જતા.

આજે પણ ઘડિયાળ સિવાય એક એક શોભીતી ચીજ પર જાળીદાર કપડું ઢાંકવાની મને ટેવ છે. મને ખબર છે, સાચી નથી, પણ છે. ટીવી સેટ પર બી ન જોવું હોય ત્યારે સિનેમાના મૂગા પડદા જેવું સફેદ કપડું જોવા મળે. એ જોઈને હજુ હું એક થનારા-જોવાનારા જલસાનો ધણી છું એવો અહેસાસ થાય છે. આમ ન થવું જોઈએ, પણ થાય છે.

જોકે આ તો એ દિવસોની વાત છે... મારે ત્યાં સાચો ટેલિફોન નહીં એટલે સુરેશ આવીને કહી ગયો : ‘છોકરીવાળા બોરીવલીથી નીકળી ગયા છે. અંધેરી પહોંચતાં કેટલી વાર? તૈયાર રહેજે. તારે બસ બેસવાનું જ છે ઊંચા કૉલર કરીને, બાકી ચા-નાસ્તો તો દીદી આપી જશે...’ પછી આટલું ભાષણ ઓછું હોય એમ બારણેથી પાછો વળ્યો : ‘ટેલિફોનમાં કંઈક મને એવું સમજાણું કે બે-ત્રણ જણા જ આવવાના છે. છતાંય વધારે ખુરશી મોકલાવું?’

'કંઈ જરૂર નથી.' મેં કહ્યું : 'આવવા તો દે!'

આ લોકો જરા વિચિત્ર હતા. એક વાર હું જો એમને ત્યાં જઈ આવ્યો હોઉં, એમની દીકરીને મળી ચૂક્યો હોઉં, જરા શામળી છતાંય નકાર ન ભણ્યો હોય તો પછી જલદી ગોળ-ધાણા ખાઈને વાતને ખીલે બાંધી દેવાની હોય. પછી મારી રૂમ જોવા આવવાની જરૂર કંઈ? જોકે વડીલોના ભેજામાં શું ભૂસું ભર્યું હોય તે આપણે જાણતા નથી હોતા. પડદો ઢાંકેલા ટીવી જેવું.

અરીસા પરથી એક વાર ટુવાલ ઊંચો કરીને મોં જોઈ લીધું, ચમકારો આવ્યો. આવો છોકરો આવી શામળી છોકરીને દીવો લઈને ગોતવા ગયેય ક્યાં મળવાનો હતો? કહેવત ખોટી હતી? વહુ ઘર દીપાવે તેવી ખપે, જમાઈ આંગણું દીપાવે તેવો. કશા પણ મેકઅપ વગર જો હું આવો જમાવટ દેખાતો હોઉં તો... પહેલો જ ઝડપી લેવો જોઈએ.

સ્વસ્થ થઈને બેઠો. એમ થયું કે આ સેટઅપ વચ્ચે મારો એક ફોટો પાડી લેવાની જરૂર હતી. કોઈ પણ મારું ઘર જોવા આવે એને ધરી દેવાય. લો, આમાં ઘર પણ છે, ને વર પણ. કોણ કોનાથી ઊતરે એમ છે? લો, કો'!

•

આવનારા આવ્યા. આજે આટલાં વરસે પણ મને યાદ છે કે એમાંથી એક જાકીટવાળો પગે સહેજ લંઘાતો હતો, છતાં વારંવાર ખુરશી પરથી ઊભો થઈને રૂમની જડતી લેવાની હોય તેમ લગભગ બધું જ ઉપરતળે કરી કરીને જોતો હતો. 'સન્મુખ...' અચાનક વસંતભાઈએ એને કહ્યું હતું : 'તું બેસ તો ખરો, આપણે મોહિતકુમાર સાથે થોડી વાત કરીએ.'

બેઠો જ છુંને મોટાભાઈ!' સન્મુખલાલ કે જેનો પગ ખોડંગાતો હતો એ બોલ્યો અને ત્યારે જ મને ખબર પડી કે એ જયાનો કાકો હતો. આટલું સાંભળવા છતાં એ બેઠો નહીં ને બારીના પડદા ખસેડીને બહાર જોવા માંડ્યો. મને આ ન ગમે.

'આ તો મારું ટેમ્પરરી ઘર છે.' મેં કહ્યું : 'કંપની તરફથી મને

મોટું ક્વાર્ટર મળવાનું છે, પણ યુઝવલી, એ લોકો મૅરેજ પછી જ આપતા હોય છે.'

સન્મુખરાય હવે સન્મુખ થયો : 'ક્વાર્ટર્સ એટલે ફૅમિલીની જ વસાહત. સ્વાભાવિક જ છે કે તમે ગમે તે કૅટેગરીમાં હો, ગમે તેટલા હોશિયાર હો, રૂડારૂપાળા હો, સંસ્કારી હો, પણ ફૅમિલીઓ વચ્ચે તમને એ લોકો એકલાને રાખે જ નહીં!'

મારી કંપનીની પૉલિસીની વળી એને કોડાને શી ખબર? મને જવાબ દેવાનું ઠીક ન લાગ્યું. હું વસંતરાય સાથે ખપાવવા માંડ્યો. આખરે! જયાના બાપ તો એ જ ને!

'હકીકતે.' મેં કહ્યું : 'હજુ મારે પણ મારા પેરન્ટ્સ સાથે વાત કરવાની છે. મારેય કહેવું પડશે એમને કે કન્યા મારા કરતાં દેખાવમાં જરા... બાર આની'

'છતાં પણ એમની તો હા આવી ગઈને!' વસંતભાઈ બોલ્યા : 'હવે તો આપણે જ ફાઇનલ કરવાનું. આમ તો જયા બી કહેતી હતી કે ઠેકાણું મને પાસ પડ્યું છે. છતાં અમારો વડીલોનો જીવ ન રહે એટલે તમારા રહેણાક ઉપર.'

'અરીસા પર આ ટુવાલ કેમ ઢાંકવો પડ્યો?'

લંધાતી ચાલે સન્મુખ ત્યાં ક્યારે પહોંચી ગયો તેની મનેય ખબર નહોતી રહી. ટુવાલ ઊંચો કરીને એ પોતાના વાળ અરીસામાં ઠીક કરતો હતો.

'ચકલાં એ તો...' મેં કહ્યું : 'ચકલાં આવીને અરીસામાં ચાંચ ટોચ્યાં કરતાં હોયને! ચકલાઓને અરીસો બહુ ગમે. ગમે ત્યાં બેઠાં હોય, ઊડી ઊડીને ત્યાં જાય.' સન્મુખે ચમકીને ટુવાલ પાછો ઢાંકી દીધો.

•

**'ભાઈશ્રી...'**

આ સંબોધન વાંચીને જ મને ઘા લાગ્યો.

જયા લખતી હતી : 'કારણમાં એટલું જ તમારી પર્સનાલિટી આગળ હું ઝાંખી લાગી. તમે તો હા પાડેલી, પણ એ તો તમારી

મહાનતા. બાકી શારીરિક કજોડાં હોય, માનસિક કજોડાં હોય એમ રૂપનાં કજોડાં પણ હોય. મારા પપ્પા અને અંકલ સાથે તમે વાતો કરી એ ઉપરથી થયું કે આવાં રૂપનાં કજોડાં હોય અને એ તો ભાવિ સંતતિ સુધી પીછો ન છોડે. માટે તમારો આભાર. તમને સુયોગ્ય એવી રૂપસુંદરીઓનો આ જગતમાં તોટો નથી. એમાંથી કોઈ નસીબદાર તમને પામશે. મારી શુભેચ્છા સાથે વિરમું...

'તમારી બહેન જયા.'

એક ક્ષણ મને કટાક્ષ જેવું લાગ્યું, પણ પછી થયું કે કટાક્ષ હોય તોય શેના પર? કોઈની શ્રીમંતાઈ પર કટાક્ષ કરો ત્યારે એને શ્રીમંતાઈ છે એ તો કન્ફર્મ્ડ જ ને! સારું છે. ઉઝરડાથી વધારે પીડા નહીં, પણ મજા તો ખરીને જીવતા હોવાની ખાતરીની!

સુરેશ આવ્યો ત્યારે મેં એને કાગળ વંચાવ્યો. એ બિચારો શું સમજે? ઉંમર મારાથી નાની, ને અક્કલ તો ઉંમરથીય નાની, બોલ્યો : 'દીદી કહેતી જ'તી!'

'એમ?' મેં ચમકીને પૂછ્યું : 'તારી દીદી વળી આમાં શું જાણે?'

'એ હું ન જાણું.' એ બોલ્યો : 'પણ એ કહેતી'તી કે મોહિતભાઈને પોતાનું રૂપ નડશે.'

'એમને!' હું મલકીને બોલ્યો, બલકે બોલાઈ જવાયું.

'એમ તો જાણકાર લાગે છે.' પછી અચાનક દિમાગમાં સવાલોની સરવાણી ફૂટી. મેં પૂછ્યું સુરેશને : 'એનો બાબો કેવડો થયો?'

'બસ, હવેના જૂનમાં કે. જી.માં જશે.'

'ના ના તોય!'

કંઈ નહીં. કંઈ નહીં.'

છોકરી મારી સામે બેઠી.

•